
# ગાંધીનગરમાં "હર ઘર ગણપતિ"નો ગૂંજયો જય જય કાર..!!

**સવારથી જ શહેરમાં ચારેકોર વાજતે ગાજતે શ્રીજીની શોભાયાત્રાઓ યોજાઇ : સે.૨૨ રંગમંચ ઉપરાંત સે.૩ડી અને સે.૨સી સહિત અનેક સ્થળે સાવર્જનિક ગણેશ સ્થાપન કરાયાં : શ્રધ્ધાળુઓ ઘરમાં સ્થાપન માટે માટીની ઇકોફ્રેન્ડલી મૂર્તિઓ તરફ વળ્યાં : ગાંધીનગર ગણેશમય બન્યું**











ગાંધીનગર તા.૩૧

આજે સવારથી જ શહેરમાં ઠેર ઠેર સમગ્ર શહેરમાં "ગણપતિ બાપ્પા મોરિયા"નો જયઘોષ ગૂંજી ઉઠ્યો હતો અને શહેરમાં "હર ઘર ગણપતિ"નો માહોલ સર્જાયો છે. આજે ગણેશ ચતુર્થીના પાવન દિવસે શહેરીજનોએ હેતપૂર્વક બાપ્પાને આવકારી તેમનાં આગમનના વધામણાં કર્યા હતા. શહેરના સેક્ટર-૨૨ના રંગમંચ પર સંપુર્ણ શાસ્ત્રોક્ત વિધીપૂર્વક બપોરે ૧૨.૩૯ના વિજય મુહુર્તમાં શ્રીજીની સ્થાપના કરાઈ હતી. આ સાથે શહેરમાં સે.૩ડીમાં યુવક મિત્ર મંડળ દ્વારા નવરાત્રી ચોકમાં અને સે.૨સી ગણેશ ચોક સહિત અનેક ઠેકાણે વિઘ્નહર્તા ગણેશજીનું વિધિવત્ સ્થાપન કરાયું હતું અને શ્રીજીની આરતી ઉતારવામાં આવી હતી. શહેરમાં અસંખ્ય શ્રધ્ધાળુઓએ પણ પોતાના ઘરે જ ગજાનંદ ગણપતિની સ્થાપના કરી હતી જેમાં ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિનો આગ્રહ રખાયો હોવાનું જોવા મળી રહ્યું છે. વાવોલ, પેથાપુર, રાંધેજા, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ સહિતના શહેરના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગણેશ ઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે. સે.૨૨માં રંગમંચ ખાતે યોજાતા સાવર્જનિક ગણેશ મહોત્સવ માટે શ્રીજીની મૂર્તિ સે.૧માં જાણિતા બિલ્ડર ચેતન પટેલના નિવાસસ્થાનેથી વાજતેગાજતે ભવ્ય શોભાયાત્રા સાથે લવાઈ હતી. આ શોભાયાત્રામાં સે.૨૨ સાવર્જનિક ગણેસ મહોત્સવના પ્રમુખ નિશિત વ્યાસ, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડો.ચેતના બુચ સહિત અગ્રણીઓ જોડાયાં હતાં. સેક્ટર-૨સી અને સેક્ટર-૩ડી ખાતે પણ ગણપતિની ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા યોજીને ગણેશજીની સ્થાપના કરાઈ હતી. આ ઉપરાંત શહેરમાં અનેક સોસાયટીઓ અને રહેણાંક વસાહતોમાં પણ સાવર્જનિક રીતે ગણેશ પંડાલ ખડાં કરીને શ્રીજીની સ્થાપના કરાઈ છે. શ્રધ્ધાળુ શહેરીજનોએ પણ પોતપોતાના ઘરે વિનાયક ગણપતિની સ્થાપના કરતાં શહેરમાં "હર ઘર ગણપતિ " જેવો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરમાં સવારથી જ ઠેર ઠેર ઢોલ-નગારાં અને ડીજેના તાલ ગુંજતા સંભળાયા હતા. "જય ગણેશ જય ગણેશ"ના નાદ સાથે દુંદાળા દેવ ગજાનંદ ગણપતિ મહારાજની હેતપૂર્વક આરતી ઉતારવા સાથે ભાવિકોએ શ્રધ્ધાના ભાવમાં ગણપતિ બાપ્પાના નામનો જયજયકાર કર્યો હતો અને સમગ્ર ગાંધીનગર ગણેશમય બન્યું હોવાનું અનુભવાઈ રહ્યું છે.શહેરમાં ઠેર ઠેર વસાહતીઓના ઘરમાં ગજાનન ગણપતિ મહારાજનું સ્થાપન કરાયુ છે પછી તે રહેણાંક સોસાયટીઓ હોય, ફ્લેટ હોય કે વસાહતો હોય. આ ઉપરાંત શહેરમાં ખાનગી પેઢીઓ અને કંપનીની ઓફિસોમાં સહિત અત્ર તત્ર સર્વત્ર વિઘ્નહર્તા ગણપતિ દાદાના સ્થાપન સાથે પૂજા અર્ચના અને આરતી કરવામાં આવી હતી. મોટાભાગના શ્રધ્ધાળુઓએ શ્રીજીને માટીથી બનેલી ઈકોફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કરવાનું પસંદ કર્યું છે. વિઘ્નહર્તાની પધરામણી થતાં જ ભાવિકો આનંદથી ઝુમી ઉઠ્યાં હતા. શહેરીજનોએ મંગલમૂર્તિને ડીજેના તાલે વાજતે ગાજતે માથે લઈને ફર્યા બાદ સ્થાપન કર્યુ હતું.

## દસમા વર્ષે ગૂંજ ફાઉન્ડેશને પસ્તી-ખોખાં વડે ગુફાની થીમ સર્જી




ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરની સામાજિક સંસ્થા "ગૂંજ ફાઉન્ડેશન" દ્વારા સેક્ટર-૫ ખાતે છેલ્લા ૯ વર્ષથી અલગ અલગ થીમ ઉભી કરી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વખતે સતત દસમા વર્ષે પણ ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા આ વર્ષે પર્યાવરણને અનુલક્ષીને માટીની મૂર્તિ લાવવામાં આવી છે તથા વેસ્ટમાંથી બેસ્ટ મોડલના સિદ્ધાંત પર જુના પેપર તથા બોક્સનો ઉપયોગ કરી ગુફાની થીમ ઉભી કરવામાં આવી છે.

જેમાં મહાદેવજીના સાનિધ્યમાં ગણેશજી બેઠા હોય તેવી પ્રતીતિ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગૂંજ ફાઉન્ડેશન શહેરના એવા સેવાભાવી યુવાનોની સંસ્થા છે જેઓ મૂકસેવક બનીને રક્તદાનથી માંડીને જરૂરિયાતમંદોને મદદરૂપ થવા જેવા સામાજિક કાર્યોમાં ખૂબ જ પ્રસંશનીય યોગદાન આપી રહ્યાં છે.

## સરસ્વતી વિદ્યાલય ખાતે ગણેશ ચતુર્થીની ઉજવણી



ગાંધીનગર, તા. ૩૧

સેક્ટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં વાર-તહેવારને અનુરૂપ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેના અનુસંધાનમાં ગણેશ ચતુર્થી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ફૂલો, રંગો, કઠોળનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારની રંગોળી બનાવી હતી. તાલીમાર્થી શિક્ષકો કૌશલભાઈ, પીનલબેન, નિરાલીબેનના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ રંગોળી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા દ્વારા રંગોળીને બિરદાવવામાં આવતા વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો જોવા મળ્યો હતો.

## ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતોએ ખેડૂત હિતરક્ષક સમિતિની રચના કરી

ગાંધીનગર, તા.૩૧

ભારત સરકાર દ્વારા દેશવ્યાપી રોડ અને હાઈવે નેટવર્કના ભારતમાલા પ્રોજેક્ટની કામગીરી શરૂ કરી દેવાઈ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગરના પીપળજ ગામે જેમાં ખાસ કરીને ખેડૂતોની જમીનના સર્વે નંબરો જેમાં તેમના વસાહત માટેના મકાનો પિયત જમીન જેમાં ટ્યુબવેલ કે બોરવેલને અસર થાય છે તેવા અસરગ્રસ્ત ખેડૂતો ચિંતાતુર બન્યાં છે. આજે પીંપળજ ગામે અંબાજી માતાના મંદિરે ભારતમાલા પ્રોજેક્ટના અસરગ્રસ્ત ખેડૂતોની એક બેઠક યોજાઈ હતી અને તેમણે પોતાની મહામુલી જમીનો અને મકાનો બચાવવાં લડત આપવાનો




નિર્ધાર કર્યો છે જે માટે બેઠકમાં ખેડૂત હિતરક્ષક સમિતિની રચના કરવામાં આવી હતી.

આ સાથે અસરગ્રસ્ત ખેડૂત હિતરક્ષક સમિતિની કારોબારી સમિતિની પણ રચના કરવામાં આવી છે જેમાં પ્રમુખ પદે વાઘેલા યોગેન્દ્રસિંહ રણજિતસિંહ, ઉપ પ્રમુખપદે સરપંચ વાઘેલા ભીખુસિંહ અમરસિંહ તેમજ વાઘેલા અશોકસિંહ પરબતસિંહ ગોહિલ મહામંત્રી પદે વાઘેલા વિજયસિંહ નારાયણસિંહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત કારોબારી સભ્યોમાં વાઘેલા સિદ્ધરાજસિંહ સુરેન્દ્રસિંહ, રાણા અજયસિંહ અમરસિંહ, વાઘેલા ધનશ્યામસિંહ તખતસિંહ, વાઘેલા જયેન્દ્રસિંહ કરણસિંહ, પટેલ મયુરભાઈ કેશવલાલ, પટેલ પંકજભાઈ કનુભાઈ, પટેલ નિલેશભાઈ લાલભાઈ, ઠાકોર અમરતભાઈ જીવણજી, વાઘેલા શક્તિસિંહ વનરાજસિંહ અને સલાહકાર પદે વાઘેલા પ્રવિણસિંહ શંકરસિંહ રવજી સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી છે.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં પંખીઘર અને પાણીના કૂંડા લગાવી કાર્યક્રમ ઉજવાયો



ગાંધીનગર, તા. ૩૧

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં પંખીઘર અને પાણીના કૂંડા લગાવીને રાષ્ટ્રીય સેવા યોજના કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. તેમાં પર્યાવરણીય જાળવણી અને પંખીઓ ત્યાં બેસી શકે તે માટે આ પ્રવૃત્તિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી સાથે રહીને તે કૂંડા અને પંખીઘર લગાવાયા હતા અને આ કાર્યક્રમને સફળ બનાવવા પોતાનો સહયોગ આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સજ્જનબેન ચૌધરી એન.એસ.એસ.ના પોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું.

# જય અંબે પરિવારની પદયાત્રાનું પ્રસ્થાન

**જય અંબે પરિવારના નેજા હેઠળ ૨૦૦ જેટલા પદયાત્રીઓએ અંબાજી જવા પ્રસ્થાન કર્યુ**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના જય અંબે પરિવાર દ્વારા સતત ૩૪માં વર્ષે અંબાજી પદયાત્રા સંઘનું ભારે ઉલ્લાસભર્યા માહોલમાં પ્રસ્થાન થયું હતું.

૩૧ ઓગષ્ટના રોજ જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગરની ૩૪મી અંબાજી પદયાત્રાનું પ્રસ્થાન થયુ હતુ. મા જગદંબાની કૃપાથી અને ૨૦૦થી વધુ શ્રદ્ધાળુના સથવારે બુધવારે સવારે ૮.૩૦ કલાકે રથમાં રથેશ્વરીનું સ્થાપન સાથોસાથ પવિત્ર ધજાનું પૂજન-અર્ચન કરી સે. ૧૩-બી ના શક્તિચોકથી ૩૪મી પદયાત્રાની મા જગદંબાની શાહી સવારીનું પ્રસ્થાન થયું હતું. અને પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સે. ૧૩-બી ના શક્તિચોકથી ૩૪મી પદયાત્રાની મા જગદંબાની શાહી સવારીનું પ્રસ્થાન તેઓ દ્વારા થયું હતું.

જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા છેલ્લા ૩૩ વર્ષથી ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે પ્રતિ વર્ષે ભાદરવા માસમાં ગાંધીનગરથી અંબાજીની પદયાત્રાનું જગતજનની મા જગદંબાની કૃપાદૃષ્ટિ, શુભચિંતકોની હૃદયભાવના અને પદયાત્રીઓના અનેરા ઉમંગના સથવારે આયોજન કરવામાં આવે છે.

આ પદયાત્રા સંઘ ખ માર્ગથી ક-૭ પાસે કાન્તિભાઈ આર. પટેલના સેવાકેન્દ્ર ખાતે પહોંચશે. ત્યાંથી 'પટેલ પાર્લર' પરિવારના 'ધરતી ફાર્મ' રાંધેજા ખાતે ભોજન પ્રસાદ ગ્રહણ કરી બપોરે વિરામ કરી અંબાજીના માર્ગે આગળ વધશે. અંબાજીમાં ૬ સપ્ટેમ્બરને અગિયારસે ધૂન-કીર્તન સાથે વાજતે-ગાજતે માતાજીના મંદિરે પવિત્ર ધજા અર્પણ કરી શિખરે લહેરાવાશે અને સૌ ઉજવણીનો આનંદ માણીને સાંજે સ્વગૃહે પરત ફરશે.






આ સંઘ રસ્તામાં વાસન મહાદેવ, દેવીપુરા, ઉમતા, શાહપુરા તથા દાંતા મુકામે રાત્રી રોકાણ તેમજ ગોજારીયા, વિસનગર, ડભોડા, નવાવાસ ખાતે બપોરનો વિરામ કરશે.

વહેલી પરોઢિયે ચાર વાગ્યે પ્રયાણ કરીનો આશરે સવારે આઠના સુમારે બપોરના વિસામા સ્થળે પહોંચે છે. બપોર બાદ બે થી ત્રણ કલાક ચાલવાનું હોય છે. આમ એકંદરે બે ટૂકડે રોજ, આશરે ત્રીસેક કિ.મી.નું અંતર ચાલવાનું હોય છે. પદયાત્રા દરમિયાન મોખરે માતાજીની ધજા અનો પાછળ રથ અનો વચ્ચે પદયાત્રીઓ મા ના ગુણગાન ગાતાં અને ધૂન બોલતા ચાલે છે. દરેક પદયાત્રીએ ચોક્કસ નિયમોનું ચુસ્ત પાલન કરવાનુ હોય છે. સંઘમાં બીડી, તમાકુ, ગુટખા, દારૂ, જુગાર જેવા વ્યસનો અને અસભ્ય કપડાં નિષેધ છે. સમગ્ર ૧૬૦ કિ.મી.ના રસ્તે માતાજીના નિશાન-ધજાની આજુબાજુ મા અંબે જય અંબેની અવિરત ધૂન તથા રથમાં મા ની આરતી-સ્તુતી-ગરબા સતત ચાલુ હોય છે. આવા દિવ્ય વાતાવરણના સાત દિવસ દરમિયાન સૌ સાંસારિક માયાજાળથી અળગા થઈ મા મય બની જતા હોય છે.

જય અંબે પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગર અંબાજીની પદયાત્રાની સાથે સાથે માતાજીના પ્રાગટ્ય દિન પોષી પૂનમના રોજ શતકભોગ અન્નકૂટ મહોત્સવ, ઉપરાંત પ્રતિ માસની પૂનમ કે અન્ય શુભ પ્રસંગોએ જગદંબા ભક્તિ વંદના સમૂહ સ્વાધ્યાય નર્વાણ મંત્ર લેખન, યજ્ઞ, સુંદરકાંડ, બહુચરમાના આનંદના ગરબા જેવી ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ રકતદાન શિબિર, વ્યસનમુક્તિ અભિયાન, સાંસ્કૃતિક કાર્યક્રમો, તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ જેવી વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ કરે છે.

મા જગદંબાની શાહી સવારીના પ્રસ્થાન પ્રસંગે પદયાત્રીઓને શુભેચ્છા પાઠવવા અંતર્ગત ઘણા બધા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા જેમાં મુખ્ય યજમાન કલ્પેશ બ્રહ્મભટ્ટ, કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહ્યા હતા તથા સહ યજમાન ક્ષિતિજ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત જાણીતા કથાકાર કનૈયાલાલ પંડ્યા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, કોર્પોરેટર સર્વ મહેન્દ્ર દાસ, સંકેત પંચાસરા, હેમાબેન ભટ્ટ, કલ્ચરલ ફોરમના અગ્રણીઓ સર્વ પ્રકાશ લાલા, નિમેષ રાવલ, ભાવિન પટેલ, મંથન ભટ્ટ અને કમલ કિશોર જૈન, પટેલ સમાજના પ્રમુખ ગણેશભાઈ પટેલ, ભાજપના અગ્રણીઓ તરૂણભાઈ બારોટ, પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.